150 YEARS OF CELEBRATING THE MAHATMA

गाँधीस्मृति के १५० साल
पदयात्रा बने जीवनयात्रा

ગાંધીમૂલ્યોના માર્ગે...

# ‘‘પદયાત્રા’’

તારીખઃ ૧૬ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૯



## જોડાઈએ... જાણીએ... અનુભવીએ...

#Mai_Bhi_Mohan

गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# પદયાત્રા પથરેખાની સંપૂર્ણ ઝાંખી

**ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા–મણાર**
પ્રસ્થાન
તા.૧૬-૦૧-'૧૯

**બેલા**
તા.૧૭-૦૧-'૧૯નું
પ્રસ્થાન

**માયધાર**
તા.૧૮-૦૧-'૧૯નું
પ્રસ્થાન

**શેત્રુંજી ડેમ**
તા.૧૯-૦૧-'૧૯નું
પ્રસ્થાન

**પાલીતાણા**
તા.૨૦-૦૧-'૧૯નું
પ્રસ્થાન

**દૂધાળા**
તા.૨૧-૦૧-'૧૯નું
પ્રસ્થાન

**વાળુકડ**
વિરામ

**લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા**
સમાપન સમારોહ
તા.૨૨-૦૧-'૧૯

ગાંધીમૂલ્યોના માર્ગે...

ચોરી ન કરવી
સ્વાર્થ ત્યાગ
અહિંસા
જાત મહેનત
કોઈ અડે ના અભડાવું
અભય
વણજોઈતું ન સંઘરવું
બ્રહ્મચર્ય
સત્ય
સર્વધર્મ સમભાવ
સ્વદેશી

## જોડાઈએ... જાણીએ... અનુભવીએ...

गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# :: નિમંત્રણ ::

ગાંધી વ્યક્તિ નહીં, એક વિચારધારા પણ છે.

એક ‘શાશ્વત વિચારધારા’; જે સમાજને જોડે છે.

એક એવી વિચારધારા; જેની પાસે વર્તમાનની તમામ વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન છે.

‘ગાંધીમૂલ્યો’ નિરંતર પ્રેરણા અને પથદર્શન કરનાર છે,

‘ગાંધીમૂલ્યો’ માનવીને ઉત્તમ જીવન પ્રદાન કરનાર છે,

‘ગાંધીમૂલ્યો’ને અનુભૂતિથી જ પામી શકાય.

‘ગાંધીમૂલ્યો’ની અનુભૂતિ આચરણથી પામવાનો અનેરો અવસર એટલે

## ગાંધીમૂલ્યોના માર્ગે

# ‘‘પદયાત્રા’’

તારીખ ૧૬ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૯ વચ્ચે રચાશે ‘ગાંધીયુગ’ની આભા...

:: પ્રસ્થાન ::
ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા,
મણાર, તા.તળાજા, જિ.ભાવનગર
તા.૧૬/૦૧/૨૦૧૯

:: સમાપન ::
લોકભારતી-સણોસરા,
તા.શિહોર, જિ.ભાવનગર
તા.૨૨/૦૧/૨૦૧૯

આ ઐતિહાસિક ઘટનાનો હિસ્સો બનવા આપ સાદર નિમંત્રિત છો.

:: નિમંત્રક ::

**મનસુખ માંડવિયા** (કેન્દ્રીય મંત્રી)
સંયોજક-પદયાત્રા આયોજન સમિતિ

#Mai_Bhi_Mohan

# બુનિયાદી શિક્ષણ

આઝાદીની લડતની સાથે સાથે પૂજ્ય બાપુએ ચારિત્ર્ય ઘડતર અને સામાજિક નવનિર્માણનું પવિત્ર કાર્ય હાથ ધરેલુ, કે જેથી આઝાદી પછી 'સ્વરાજ થી સુ-રાજ'નું સપનું સાકાર કરી શકાય. આ માટે પૂજ્ય બાપુએ શિક્ષણનું જે મોડેલ આપ્યું જે નઈ તાલીમ અથવા વર્ધા તાલીમ કે બુનિયાદી તાલીમ તરીકે પણ ઓળખાય છે.

બાપુએ આ અનુસંધાને કહ્યું હતું કે, 'બુનિયાદી શિક્ષણ પદ્ધતિ એ માનવજાતને મારી આખરી અને અમૂલ્ય દેન છે.' નઈ તાલીમ એ વર્તમાન શિક્ષણની તરાહ કરતા પાયાથી જ જુદી પડે છે. આ શિક્ષણ વ્યવસ્થા પ્રાયોગિક રીતે શીખવા પર આધારિત છે. નઈ તાલીમના મુખ્ય અંગોમાં ઉદ્યોગ દ્વારા શિક્ષણ, માતૃભાષામાં શિક્ષણ, નિર્ણય પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગીતા, પરીક્ષાલક્ષી શિક્ષણની જગ્યાએ મૂલ્ય આધારીત શિક્ષણ, સહ શિક્ષણ, શિક્ષણમાં શ્રમનું મહત્ત્વ, અવિધીસરના શિક્ષણને સમાન મહત્ત્વ તથા સાદું જીવન અને ઉચ્ચ વિચાર વગેરેનો સમાવેશ થાય છે.



"બુનિયાદી શિક્ષણ પદ્ધતિ
(નઈ તાલીમ/બેઝિક એજ્યુકેશન)
એ માનવજાતને મારી
આખરી અને અમૂલ્ય દેન છે.
- પૂ. બાપુ"

# પદયાત્રાનાં બિંદુ


- બુનિયાદી શિક્ષણ પદ્ધતિ આધારે કાર્યરત સંસ્થાઓને સાંકળીને રચાશે પદયાત્રા
- પદયાત્રા પથ પરનાં ૩૫ ગામો સહિત કુલ ૧૫૦ ગામોમાં ૫ દિવસ સુધી વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો
- સમગ્ર રાજયની ગાંધીવાદી શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની હાજરી
- મહાત્મા ગાંધીજીએ બતાવેલ ૧૧ મહાવ્રતોનાં આધાર પર '૧૧ મહાવ્રતસભાઓ' જેમાં દેશના શ્રેષ્ઠ વકતાઓની હાજરી
- ગાંધીયુગની અનુભૂતિ કરાવતું ઐતિહાસિક આયોજન
- સાંકળી લેવામાં આવેલ ૧૫૦ ગામોમાં સફાઈ, મેડિકલ કેમ્પ, વ્યસનમુકિત સંકલ્પ, ગ્રામ્ય કારીગરોનું સન્માન, કૃષિ માર્ગદર્શન શિબિર, જેવા અનેક રચનાત્મક કાર્યક્રમો
- દરરોજ રાત્રીનાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ

"મારું જીવન
એ જ
મારો સંદેશ છે."

- પૂ. બાપુ

#Mai_Bhi_Mohan

# પદયાત્રા : દિવસ-૧ ❊ તા. ૧૬-૦૧-૨૦૧૯




**૦૯:૦૦ સવારે** — મણાર ખાતે પ્રસ્થાનસભા

'દાંડીકુચ' પછી ઈતિહાસનું થશે પુનરાવર્તન, 'ગાંધીકુચ' તરીકે

**૦૨:૦૦ બપોરે** — ત્રાપજ ખાતે પ્રથમ મહાવ્રતસભા-'સત્ય'

"હું સત્ય વડે અસત્ય પર વિજય મેળવીશ અને અસત્યના પ્રતિકાર વખતે મળતી તમામ વેદનાઓ મારે ભોગવવી જ રહી" - મહાત્મા ગાંધી

**૦૫:૨૦ સાંજે** — બેલા ખાતે બીજી મહાવ્રતસભા-'જાતમહેનત'


"ચરખો ચલાવવાની મારી વકીલાત એ શ્રમનો મહીમા કરવાની વકીલાત છે."
- મહાત્મા ગાંધી

રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૮:૩૦ વાગ્યે

ગાંધીમૂલ્યોના માર્ગે...

गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# પદયાત્રા : દિવસ- ૨ ❄ તા.૧૭-૦૧-૨૦૧૯





**10:30 સવારે** — દિહોર ખાતે ત્રીજી મહાવ્રતસભા-‘સર્વધર્મ સમભાવ’


“બધા જ ધર્મોનો મર્મ એક જ છે, માત્ર તેના રસ્તાઓ અલગ-અલગ છે”
- મહાત્મા ગાંધી

**04:30 સાંજે** — માયધાર ખાતે ચોથી મહાવ્રતસભા-‘સ્વદેશી’

“સ્વદેશીનો આગ્રહ એ વિશ્વમાં એકસુત્રતા જાળવવા માટે છે, અન્યથા અવ્યવસ્થા સર્જાશે”
- મહાત્મા ગાંધી




રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૮:૩૦ વાગ્યે



#Mai_Bhi_Mohan

# પદયાત્રા : દિવસ- ૩ ❋ તા.૧૮-૦૧-૨૦૧૯




**૧૧:૦૦ બપોરે**

## અનિડા ખાતે પાંચમી મહાવ્રતસભા-'અસ્વાદ'

''સ્વાદ પરનું નિયંત્રણ એ મન પરના નિયંત્રણનું મૂલ્યવાન સાધન છે''

- મહાત્મા ગાંધી

**૦૪:૦૦ સાંજે**

## શેત્રુંજીડેમ ખાતે છઠ્ઠી મહાવ્રતસભા-'અભય'

''સત્યના પક્ષે અડીખમ રહેવું એ જ ખરી નિર્ભયતા છે''

- મહાત્મા ગાંધી




રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૮:૩૦ વાગ્યે

ગાંધીમૂલ્યોના માર્ગે...

गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# પદયાત્રા : દિવસ- ૪ ❋ તા.૧૯-૦૧-૨૦૧૯




**૧૦:૨૦ સવારે**


## મોટી પાણિયાળી ખાતે સાતમી મહાવ્રતસભા-'અસ્તેય'

''વ્યકિત જયારે જીવનમાં ચોરી ન કરવાનું વ્રત લે છે, ત્યારે આ વ્રત તેને સમાજ પાસેથી માત્ર ખપ પૂરતું જ લેવું તે તરફ દોરી જાય છે.'' - મહાત્મા ગાંધી

**૦૫:૦૦ સાંજે**

## પાલીતાણા ખાતે આઠમી મહાવ્રતસભા-'અહિંસા'

'' અહિંસા એ સમર્થનું હથિયાર છે.'' - મહાત્મા ગાંધી




રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૮:૩૦ વાગ્યે

#Mai_Bhi_Mohan

# પદયાત્રા : દિવસ- ૫ ❋ તા.૨૦-૦૧-૨૦૧૯

ગાँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा




**૧૧:૦૦ બપોરે**

## ઘેટી ખાતે નવમી મહાવ્રતસભા-'અસ્પૃશ્યતા નિવારણ'

"અસ્પૃશ્યતા વિરૂદ્ધની મારી લડાઈ એ માનવજાતમાં રહેલી અશુદ્ધિ દૂર કરવાનુ અભિયાન છે."


- મહાત્મા ગાંધી

**૦૪:૦૦ સાંજે**

## દૂધાળા ખાતે દશમી મહાવ્રતસભા-'અપરિગ્રહ'

"પૃથ્વી પાસે દરેકની જરૂરિયાતોને સંતોષવા પૂરતું છે, પરંતુ કોઈના લોભ માટે કશું નથી."

- મહાત્મા ગાંધી




રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૮:૩૦ વાગ્યે

#Mai_Bhi_Mohan

गाँधीस्मृति के १५० साल
पदयात्रा
बने जीवनयात्रा

# પદયાત્રા : દિવસ- ૬ ❋ તા.૨૧-૦૧-૨૦૧૯




**0૯:30 સવારે**

## રાણપરડા ખાતે અગિયારમી મહાવ્રતસભા-'બ્રહ્મચર્ય'

"બ્રહ્મચર્ય એ ઉત્તમ અનુશાસન છે,
તેના સિવાય મનની દ્રઢતા કેળવી શકાતી નથી." - મહાત્મા ગાંધી

**03:30 બપોરે**

## વાળુકડ ખાતે 'વિનય' સભા

"વિનય એ સ્વતંત્ર રીતે કોઈ વ્રત નથી,
પરંતુ તેનાં વગર બીજા તમામ વ્રત અધૂરાં છે." - મહાત્મા ગાંધી



## સાંસ્કૃતિક કાર્યક્રમ : ૦૫:૦૦ વાગ્યે

**નોંધ:**

તા.૨૧/૦૧/૨૦૧૯ના રોજ વાળુકડ શૈક્ષણિક સંસ્થા ખાતે યાત્રા-વિરામ,
તા.૨૨/૦૧/૨૦૧૯ના રોજ સમાપન સભા 'લોકભારતી સંસ્થા'-સણોસરા,
તા.શિહોર ખાતે સવારે ૧૦ વાગ્યે યોજાશે.

ગાંધીમૂલ્યોના માર્ગે...

## :: ઓનલાઈન રજિસ્ટ્રેશન ::

પદયાત્રી તથા સ્વયંસેવક તરીકે જોડાવા માટે ઓનલાઈન નોંધણી કરાવો;

**www.Gandhi150PadYatra.in**

આપના મિત્રો અને સ્નેહીજનોને પણ જોડશો

## :: પદયાત્રી પાસેથી અપેક્ષા ::

- 'ગાંધીમૂલ્યો' મુજબ વર્તવું
- ખાદીનાં સાદા અને સ્વચ્છ કપડા પહેરવા
- પદયાત્રા દરમિયાન વ્યસનથી દૂર રહેવું
- મોબાઈલનો ઉપયોગ શકય એટલો નિવારવો, ઘોંઘાટ ન સર્જાય તેની કાળજી રાખવી

## :: કઈ રીતે પહોંચશો..? ::

- અમદાવાદથી ભાવનગર ૧૭૦ કી.મી.
- ભાવનગરથી પાલીતાણા ૫૫ કી.મી.
- પાલીતાણાથી પદયાત્રાના તમામ ગામો ૧૫થી ૨૦ કી.મી.ના અંતરે છે.

ભાવનગર રેલવે, હવાઈમાર્ગ તથા સડકમાર્ગથી જોડાયેલું છે.
પાલીતાણા રેલવે તથા સડકમાર્ગથી જોડાયેલું છે.
દક્ષિણ ગુજરાત તરફથી 'દહેજ-ઘોઘા રો-રો ફેરી' મારફત પણ પહોંચી શકાય છે.

